For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ઉમેદવારો ઘર-ઘર સંપર્ક અને ડોર-ટુ-ડોર પ્રચાર પર ભાર મૂકશે

# માંજલપુર પેટા ચૂંટણીનો જંગ આખરી તબક્કામાં આજે સાંજે ૫ વાગે પ્રચાર પડઘમ શાંત થશે

**૩૦મીએ** મતદાન અને ૩જીએ પરિણામ, શાંતિપૂર્ણ મતદાન માટે ચૂંટણી તંત્રની તમામ તૈયારીઓ પૂર્ણ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરની હાઈપ્રોફાઈલ ગણાતી ૧૪૫-માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનો સંગ્રામ હવે તેના આખરી અને અત્યંત રોમાંચક તબક્કામાં પ્રવેશ્યો છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ આ બેઠક પર આગામી ૩૦ જુલાઈના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જ્યારે ૩ ઓગસ્ટના રોજ મતગણતરી યોજીને પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચના નિયમો અને આચારસંહિતા અનુસાર મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ જાહેર પ્રચાર બંધ કરવાનો હોવાથી, આવતીકાલે સાંજે ૫:૦૦ વાગ્યે ચૂંટણી પ્રચારના પડઘમ કાયમ માટે શાંત થઈ જશે.

પ્રચારનો સમયગાળો પૂર્ણ થતાં જ આવતીકાલે સાંજે ૫ વાગ્યા પછી તમામ રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારો દ્વારા યોજાતી જાહેર સભાઓ, ડીજે અને લાઉડસ્પીકર સાથેના રોડ-શો, જાહેરસભાઓ તેમજ પ્રચાર રેલીઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ આવી જશે. જાહેર પ્રચાર થંભી ગયા બાદ ઉમેદવારો અને તેમના સમર્થકો માટે માત્ર વ્યક્તિગત સંપર્કનો માર્ગ ખુલ્લો રહેશે. આથી ચૂંટણી જંગમાં ઝંપલાવનાર તમામ દાવેદારો હવે અંતિમ કલાકોમાં મતદારોને રીઝવવા માટે 'ડોર-ટુ-ડોર' સંપર્ક, ખાટલા પરિષદો અને વ્યક્તિગત બેઠકો પર પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરશે.

ઉલ્લેખનીય છે કે, માંજલપુર વિધાનસભા બેઠક પરથી સતત ચૂંટાતા આવેલા ભાજપના વરિષ્ઠ અને લોકપ્રિય ધારાસભ્ય સ્વ. યોગેશ પટેલના દુ:ખદ અવસાનના કારણે આ બેઠક ખાલી પડી હતી. તદ્ઉપરાંત આ બેઠક પર વર્ચસ્વ જાળવી રાખવા માટે ભાજપ તેમજ આ બેઠક પર ગાબડું પાડવા માટે કોંગ્રેસ સહિતના અન્ય પક્ષો દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી આક્રમક પ્રચાર ચલાવવામાં આવી રહ્યો છે. પ્રચારના અંતિમ દિવસોમાં વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો અને સ્થાનિક આગેવાનોએ પણ માંજલપુરના ખૂણે-ખૂણે ફરીને મતદારોને પોતાના તરફ આકર્ષવાના ભગીરથ પ્રયાસો કર્યા છે.

બીજી તરફ, વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ૩૦ જુલાઈના રોજ યોજાનારા મતદાનને મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન કરાવવા માટેની તમામ રોજિંદી અને ટેકનિકલ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. મતદાન મથકો પર ઈવીએમ અને વીવીપેટ મશીનોના સેટઅપ, મતદાન સ્ટાફનું રવાનગી આયોજન અને સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ કાફલાની તૈનાતી સુનિશ્ચિત કરી લેવામાં આવી છે. આવતીકાલે સાંજે જાહેર પ્રચાર શાંત થતાં જ બહારના વિસ્તારોમાંથી આવેલા રાજકીય કાર્યકરોને પણ મતક્ષેત્ર છોડી દેવા માટે ચૂંટણી તંત્ર દ્વારા કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે.

## માંજલપુર પેટાચૂંટણીની તૈયારીઓની ચૂંટણી નિરીક્ષકે સમીક્ષા કરી

145-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી નિષ્પક્ષ, શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટે ચૂંટણી નિરીક્ષક મોહિત બુંદાસની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ચૂંટણી પંચની માર્ગદર્શિકા અને આચારસંહિતાના કડક પાલન પર ભાર મૂકવામાં આવ્યો હતો. ચૂંટણી નિરીક્ષકે સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોની સુરક્ષા વ્યવસ્થા, કાયદો-વ્યવસ્થા અને પોલીસ બંદોબસ્ત અંગે વિગતવાર માહિતી મેળવી અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલ ધામેલિયાએ અત્યાર સુધીની તૈયારીઓ અને આગામી આયોજનની રૂપરેખા રજૂ કરી હતી. બેઠકમાં ખર્ચ નિરીક્ષક આદિત્ય શુક્લા, નાયબ પોલીસ કમિશ્નર અભિષેક ગુપ્તા, જિલ્લા વિકાસ અધિકારી આનંદ પાટીલ, જિલ્લા પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ, નિવાસી અધિક કલેક્ટર બી.એસ. પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સુહાની કેલૈયા સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને નોડલ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્રે પેટાચૂંટણી શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે યોજાશે તેવી ખાતરી વ્યક્ત કરી હતી.



### માંજલપુર પેટાચૂંટણી: મતદાન માટે શ્રમિકોને સવેતન રજાનો આદેશ

145-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી 30 જુલાઈએ યોજાનાર હોવાથી કારખાના ધારા-1948 અને બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ એક્ટ-1996 હેઠળ આવતા શ્રમિકોને મતદાન માટે સવેતન રજા આપવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ અંગે જોઈન્ટ ચીફ ઈન્સ્પેક્ટર કમ ફેસિલિટેટર ફોર ધ ફેક્ટરીઝ, વડોદરાએ અખબારી યાદી જાહેર કરી છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-1951ની કલમ 135(બી) મુજબ મતદાન માટે આપવામાં આવતી રજાના કારણે કર્મચારીઓના પગારમાં કોઈ કપાત કરી શકાશે નહીં. સતત પ્રક્રિયાવાળા કારખાનાઓ અથવા આવશ્યક સેવાઓમાં કાર્યરત કર્મચારીઓને મતદાન માટે ફરજના સમયમાંથી વારાફરતી ત્રણ કલાકની છૂટ આપવાની રહેશે. આ જોગવાઈનો ભંગ કરનાર માલિક અથવા નોકરીદાતા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### EVM-VVPATનું રેન્ડમાઇઝેશન અને કમિશનિંગ પૂર્ણ

145-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી માટે જિલ્લા ચૂંટણી અધિકારીની દેખરેખ હેઠળ EVM મેનેજમેન્ટ સિસ્ટમ (EMS) મારફતે પ્રથમ અને દ્વિતીય રેન્ડમાઇઝેશન પ્રક્રિયા રાજકીય પક્ષો અને ઉમેદવારોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પૂર્ણ કરવામાં આવી હતી. પ્રથમ રેન્ડમાઇઝેશન બાદ EVM અને VVPAT મશીનોની યાદી રાજકીય પક્ષોને તથા દ્વિતીય રેન્ડમાઇઝેશન બાદ ઉમેદવારોને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ત્યારબાદ મશીનો સંબંધિત ચૂંટણી અધિકારીને સોંપી ઉમેદવારોના પ્રતિનિધિઓની હાજરીમાં સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. 20 અને 21 જુલાઈ દરમિયાન EVM અને VVPATનું કમિશનિંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હોવાનું ચૂંટણી તંત્રે જણાવ્યું છે.

### માંજલપુર પેટાચૂંટણી: ચૂંટણી ફરજના કર્મચારીઓને પાસ વિતરણ શરૂ

145-માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી જિલ્લા વહીવટી તંત્રે ચૂંટણીની તૈયારીઓને અંતિમ ઓપ આપ્યો છે. આગામી 30 જુલાઈએ યોજાનારા મતદાનને શાંતિપૂર્ણ, નિષ્પક્ષ અને પારદર્શક રીતે સંપન્ન કરવા માટે ચૂંટણી ફરજ પરના સરકારી કર્મચારીઓ માટે કલેક્ટર કચેરી ખાતે ઓળખપત્ર અને પાસ વિતરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

મતદાનના દિવસે કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે પોલિંગ પાર્ટીઓની ફાળવણી, ઈવીએમ મશીનોની સુરક્ષા તેમજ પ્રિસાઇડિંગ ઓફિસરો, પોલિંગ ઓફિસરો અને સુરક્ષાકર્મીઓને સમયસર પાસ ઉપલબ્ધ કરાવવા ખાસ કાઉન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ફ્લાઈંગ સ્ક્વોડ અને ચૂંટણી નિરીક્ષકો દ્વારા સતત પેટ્રોલિંગ અને દેખરેખ રાખવામાં આવી રહી છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ તમામ મતદારોને કોઈપણ પ્રકારના ડર, દબાણ કે પ્રલોભન વિના પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. તંત્રે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે માંજલપુર પેટાચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સફળતાપૂર્વક યોજાશે.

### વિવાદાસ્પદ બેનરો અને સૂત્રોચ્ચાર મુદ્દે પોલીસની કાર્યવાહી બાદ ધક્કામુક્કી

# માંજલપુર પેટાચૂંટણીના પ્રચાર દરમિયાન કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

**કોંગ્રેસે** લોકશાહીના અવાજને દબાવવાનો આક્ષેપ કર્યો, પોલીસે કાયદો-વ્યવસ્થા જાળવવાનો દાવો કર્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 27:

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની આગામી પેટાચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસ દ્વારા આયોજિત પ્રચાર રેલી દરમિયાન પોલીસ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ સર્જાતા વિસ્તારમાં તંગદિલીનો માહોલ છવાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, કોંગ્રેસે પેટાચૂંટણીના પ્રચાર માટે વિશાળ વિરોધ રેલી યોજી હતી, જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સ્થાનિક આગેવાનો જોડાયા હતા. રેલી દરમિયાન ભાજપ સરકાર વિરુદ્ધના સૂત્રો તેમજ વિવાદાસ્પદ લખાણ ધરાવતા બેનરો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તૈનાત પોલીસે કેટલાક બેનરો સામે વાંધો ઉઠાવી કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસ દ્વારા બેનરો જપ્ત કરવાનો અને કાર્યકર્તાઓને અટકાવવાનો પ્રયાસ થતાં બંને પક્ષ વચ્ચે બોલાચાલી અને ધક્કામુક્કીની સ્થિતિ સર્જાઈ હતી. કેટલાક કોંગ્રેસી આગેવાનો રસ્તા પર બેસી સરકાર અને પોલીસ વિરુદ્ધ નારેબાજી કરતા રહ્યા, જેના કારણે થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. સ્થિતિ વધુ ન વણસે તે માટે પોલીસે વધારાનો બંદોબસ્ત ગોઠવ્યો અને કેટલાક કાર્યકર્તાઓની અટકાયતની કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાને લઈને કોંગ્રેસે લોકશાહીના અવાજને દબાવવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કર્યો છે, જ્યારે પોલીસ તંત્રનું કહેવું છે કે કાયદો-વ્યવસ્થા જાળવવા અને આચારસંહિતાનું પાલન કરાવવા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

### ગેરકાયદે સંપત્તિ અને નેટવર્કની તપાસ કરાશે

# હેરી લુધવાણી ગેંગના ૪ આરોપીને ૧૦ ઓગસ્ટ સુધી પોલીસ રિમાન્ડ

**સ્પેશિયલ** પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ દલીલો કરી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં વિદેશી દારૂની હેરાફેરી, લૂંટ, હત્યાના પ્રયાસ, છેતરપિંડી અને અન્ય સંગઠિત ગુનાઓમાં સંડોવાયેલી હિમાંશુ ઉર્ફે હેરી લુધવાણી ગેંગ સામે પોલીસે ગુજસિટોક હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં ઝડપાયેલા ચાર આરોપીઓને નામદાર ખાસ અદાલતે 10 ઓગસ્ટ, 2026 સુધી પોલીસ રિમાન્ડ પર મોકલ્યા છે.

ડીસીપી ઝોન-4 એન્ડ્રુ મેકવાને જણાવ્યું હતું કે હિમાંશુ ઉર્ફે હેરી લુધવાણીએ સંગઠિત ટોળકી બનાવી બહારના રાજ્યમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ મંગાવી શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે વેચાણનું નેટવર્ક ઉભું કર્યું હતું. ગેંગ સામે વારસિયા પોલીસ સ્ટેશનમાં ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (ગુજસિટોક) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ કેસમાં નરેન્દ્ર ઉર્ફે ગણેશ ડેડર, રોહિત ઉર્ફે બાબલો શર્મા, દીપક ઉર્ફે દીપુ લાલવાણી અને ભરત ઉર્ફે ધીરજ નામાણીની ધરપકડ કરવામાં આવી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ પોલીસ તરફથી દલીલો રજૂ કરતાં કોર્ટે ચારેય આરોપીઓના 10 ઓગસ્ટ સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ગેંગ સામે અગાઉથી પ્રોહિબિશન, લૂંટ, હત્યાના પ્રયાસ, શરીર સંબંધિત ગુનાઓ અને અન્ય મળી કુલ 46 ગુનાઓ નોંધાયેલા છે. પાસા અને તડીપાર જેવા કડક પગલાં છતાં આરોપીઓ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલુ રાખતા હતા. હવે રિમાન્ડ દરમિયાન ગેંગના દારૂના નેટવર્ક, અન્ય સાગરીતો, ગેરકાયદે મેળવેલી મિલકતો અને સંપત્તિની તપાસ હાથ ધરવામાં આવશે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ પોલીસ ટીમો કાર્યરત કરવામાં આવી છે.

### હાઈકોર્ટનો મોટો ચુકાદો, કેન્દ્રના નિયમને રદ કર્યો

# ફિટનેસ સર્ટિમાં મોડું થાય તો રોજના ૫૦ રૂપિયાનો દંડ ગેરકાયદેસર

**મદ્રાસ,** કર્ણાટક બાદ હવે ગુજરાતમાં પણ વાહનચાલકોને રાહત,

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

ગુજરાત હાઈકોર્ટે વાહનચાલકોને મોટી રાહત આપતા ફિટનેસ સર્ટિફિકેટની મુદત પૂર્ણ થયા બાદ દરરોજ રૂ. 50 વધારાની ફી વસૂલવાના કેન્દ્ર સરકારના નિયમને ગેરકાયદેસર જાહેર કર્યો છે. આ ચુકાદાથી ખાસ કરીને રીક્ષા, ટેમ્પો અને અન્ય કોમર્શિયલ વાહનચાલકોને સીધો લાભ મળશે.

વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયને એડવોકેટ રામકિષ્ણ દવે મારફતે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન (SCA/7325/2026) દાખલ કરી હતી. અરજીમાં પરમીટ ધરાવતા વાહનોની ફિટનેસની મુદત પૂર્ણ થયા બાદ દરરોજ રૂ. 50 દંડ વસૂલવાની જોગવાઈને પડકારવામાં આવી હતી. ચીફ જસ્ટિસની બેન્ચે સુનાવણી દરમિયાન આ પ્રકારની વધારાની ફી કાયદેસર ન હોવાનું નોંધ્યું હતું.

કોર્ટે મદ્રાસ અને કર્ણાટક હાઈકોર્ટના અગાઉના ચુકાદાઓનો ઉલ્લેખ કરીને ગુજરાતમાં પણ આ નિયમ અમાન્ય ગણાવ્યો હતો. કેન્દ્ર સરકારે વર્ષ 2017માં સેન્ટ્રલ મોટર વ્હિકલ નિયમોમાં સુધારો કરીને આ જોગવાઈ અમલમાં મૂકી હતી, જોકે ત્યારથી તેના કાયદેસરપણાને પડકારવામાં આવ્યો હતો. ગુજરાત સરકાર પણ વર્ષ 2026 દરમિયાન આ નિયમ મુજબ દંડ વસૂલી રહી હતી. વડોદરા શહેર જિલ્લા ઓટો ચાલક યુનિયનના આગેવાન બિલાલ પરમારે જણાવ્યું કે આ ચુકાદાથી હજારો કોમર્શિયલ વાહનચાલકોને આર્થિક રાહત મળશે. હાઈકોર્ટે સંબંધિત વિભાગને આ પ્રકારનો દંડ વસૂલવાનું બંધ કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે.

### પીપળેશ્વર મહાદેવ મંદિર બહાર ૭૫ વર્ષીય મહિલાને ધાર્મિક વાતોમાં ફસાવી રૂ. ૭૦ હજારના દાગીના પડાવ્યા હતા

# લક્ષ્મીના દર્શનની લાલચ આપી વૃદ્ધાના સોનાના દાગીના પડાવનાર ગઠિયામાંથી એક ઝડપાયો

**ક્રાઇમ** બ્રાન્ચે ઉત્તરાખંડના ફકીરની ધરપકડ કરી રૂ. 3.71 લાખનો મુદ્દામાલ કબજે કર્યો, સાગરીત હજુ ફરાર



(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

વડોદરામાં અંધશ્રદ્ધાના નામે વૃદ્ધ મહિલાને છેતરી સોનાના દાગીના પડાવવાના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચને મહત્વની સફળતા મળી છે. રાજમહેલ રોડ પર આવેલા પીપળેશ્વર મહાદેવ મંદિર બહાર 75 વર્ષીય મહિલાને લક્ષ્મીના દર્શન અને દીકરાના માથે સંકટ હોવાની વાતોમાં ફસાવી રૂ. 70 હજારના સોનાના દાગીના પડાવી ફરાર થયેલા બે ગઠિયાઓમાંથી એકને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લીધો છે, જ્યારે તેનો સાગરીત હજુ ફરાર છે.

પોલીસ ફરિયાદ મુજબ, રાજમહેલ રોડ વિસ્તારના તાડ ફળિયામાં રહેતા ધર્મિષ્ઠાબેન નવીનચંદ્ર પટેલ રવિવારે સવારે પીપળેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા ગયા હતા. મંદિર બહાર બે અજાણ્યા શખ્સોએ તેમની સાથે વાતચીત શરૂ કરી હતી. એક શખ્સે તેમના દીકરાને મોટું સંકટ હોવાનું કહી હાથમાં પહેરેલા સોનાના દાગીના લક્ષ્મીનું સ્વરૂપ હોવાનું જણાવી થોડા સમય માટે આપવા કહેતા મહિલાએ વિશ્વાસમાં આવી બે સોનાની બંગડીઓ અને એક સોનાની વીંટી આપી દીધી હતી. ત્યારબાદ મહિલાને આંખો બંધ કરીને 50 ડગલાં આગળ ચાલવા કહેવામાં આવ્યું હતું. થોડા સમય બાદ પાછળ ફરીને જોતા બંને શખ્સ બાઈક પર ફરાર થઈ ગયા હતા. આશરે 24 ગ્રામ વજનના રૂ. 70 હજારના દાગીના લઈને બંને નાસી છૂટ્યા હતા.

ઘટનાની ફરિયાદના આધારે પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઉત્તરાખંડના સાદકહસન અલીમુદ્દીન દીનમહંમદ શાહ (ફકીર)ની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી કુલ રૂ. 3.71 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જ્યારે તેનો સાગરીત ઈલ્યાસમહંમદ હકીમી હજુ ફરાર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરવામાં આવી છે. પોલીસે લોકોને અજાણ્યા વ્યક્તિઓની ધાર્મિક કે ચમત્કારિક વાતોમાં વિશ્વાસ ન રાખવા અને આવી કોઈ ઘટના બને તો તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરી છે.

# SSGHમાં ચાંદીપુરા વાયરસના વધુ ૨ શંકાસ્પદ બાળ દર્દી દાખલ

બંને બાળકોમાં અચાનક તાવ અને વાયરસના પ્રાથમિક લક્ષણો દેખાતા જ વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૭

શહેરની સયાજી હોસ્પિટલમાં છેલ્લા એક મહિનાથી ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસો નોંધાવાનો સિલસિલો સતત ચાલુ રહ્યો છે. આ ગંભીર વાયરસના સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શનિવારના રોજ ચાંદીપુરા વાયરસને મળતા-જળતા શંકાસ્પદ લક્ષણો જણાતા વધુ બે બાળકોને તાત્કાલિક અસરથી હોસ્પિટલના બાળરોગ વિભાગના વોર્ડ નંબર ૮ માં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં વડોદરા જિલ્લોની એક ૨ વર્ષની માસૂમ બાળકી અને પંચમહાલ જિલ્લોનો એક ૭ વર્ષીય બાળક. બંને બાળકોમાં અચાનક તાવ અને વાયરસના પ્રાથમિક લક્ષણો દેખાતા જ વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

રોગની ગંભીરતાને પારખીને સયાજી હોસ્પિટલના બાળરોગ વિભાગના નિષ્ણાત તબીબો દ્વારા તુરંત જ બંને બાળકોની સઘન અને વિશેષ સારવાર શરૂ કરી દેવામાં આવી છે. આ વાયરસની સત્તાવાર પુષ્ટિ કરવા માટે તબીબો દ્વારા બંને બાળકોના રક્ત અને અન્ય જરૂરી સેમ્પલ લેબોરેટરી પરીક્ષણ અર્થે સુરક્ષિત રીતે મોકલી આપવામાં આવ્યા છે. હાલ સયાજી હોસ્પિટલમાં કુલ ૭ બાળકો ચાંદીપુરાના શંકાસ્પદ દર્દી તરીકે સારવાર હેઠળ છે. કુલ દર્દીઓમાંથી ૩ બાળકોના લેબોરેટરી રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, જે રાહતના સમાચાર છે. બાકી રહેલા ૪ બાળકોના લેબ રિપોર્ટ આવવાના હજુ પણ બાકી છે.

બાળકોની સ્થિતિ વધુ વણસે નહીં તે માટે સયાજી હોસ્પિટલ તંત્ર પૂરતું સતર્ક બન્યું છે. હોસ્પિટલની વિશેષ મેડિકલ ટીમ દ્વારા તમામ ૭ બાળકોના સ્વાસ્થ્ય પર ચોવીસે કલાક સતત સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે. હોસ્પિટલ પ્રશાસન દ્વારા બાળકોની સારવારમાં કોઈ પણ પ્રકારની કમી ન રહે તે માટે તમામ અત્યાધુનિક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### તરસાલીમાં પુષ્પક કોમ્પ્લેક્સના રહીશોએ બિલ્ડરની ઓફિસ ઘેરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો

# પાણી સહિતની સુવિધા નહીં આપતા બિલ્ડર સામે રહીશોનો હલ્લાબોલ

**ઉગ્ર** વિરોધ બાદ બિલ્ડરોએ લેખિતમાં સુવિધાઓ પૂરી પાડવાની બાહેધરી આપી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

વડોદરાના તરસાલી વિસ્તારમાં ઉમા વિદ્યાલય ચાર રસ્તા પાસે આવેલા પુષ્પક કોમ્પ્લેક્સમાં પાયાની સુવિધાઓના અભાવે રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. પીવાના પાણી સહિતની આવશ્યક સુવિધાઓ લાંબા સમયથી ઉપલબ્ધ ન થતાં આશરે 200થી 300 રહીશોએ બિલ્ડરની ઓફિસનો ઘેરાવ કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ભારે હોબાળા બાદ બિલ્ડરોએ લેખિત બાહેધરી આપતાં મામલો શાંત પડ્યો હતો.

રહીશોના જણાવ્યા મુજબ, મકાન અને દુકાનો વેચતી વખતે બિલ્ડર કિરણકુમાર ભીખાભાઈ ડાંગર અને દીપક હરિભાઈ અકબરીએ તમામ મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવાના વચનો આપ્યા હતા. જોકે, કબજો મળ્યા બાદ પણ પીવાનું પાણી અને અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ ન થતાં ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. અનેક રજૂઆતો છતાં કોઈ ઉકેલ ન આવતા રહીશોએ વિરોધનો માર્ગ અપનાવ્યો હતો.

સેંકડોની સંખ્યામાં એકત્ર થયેલા રહીશોએ બિલ્ડરની ઓફિસ બહાર સૂત્રોચ્ચાર કરી તાત્કાલિક સુવિધાઓ શરૂ કરવાની માંગ કરી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોતા બિલ્ડરોએ રહીશો સાથે ચર્ચા કરી પોતાના સત્તાવાર લેટરપેડ પર પાણી સહિતની તમામ મૂળભૂત સુવિધાઓ ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવવાની લેખિત ખાતરી આપી હતી. ત્યારબાદ રહીશોએ વિરોધ સમેટ્યો હતો, પરંતુ બાહેધરી મુજબ સમયસર કામગીરી નહીં થાય તો ફરી આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

### વડોદરામાં 7 દિવસ વરસાદી માહોલ, 1 ઓગસ્ટે ઓરેન્જ એલર્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

હવામાન વિભાગની આગાહી મુજબ વડોદરામાં આગામી સાત દિવસ વરસાદી વાતાવરણ યથાવત રહેશે. 27થી 31 જુલાઈ દરમિયાન ગાજવીજ, વીજળી અને 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ગત 24 કલાકમાં વડોદરા શહેરમાં 4 મિમી વરસાદ નોંધાયો હતો. મહત્તમ તાપમાન 29 ડિગ્રી અને લઘુત્તમ 26.8 ડિગ્રી રહ્યું હતું, જ્યારે ભેજનું પ્રમાણ સવારે 95 ટકા અને સાંજે 91 ટકા નોંધાયું હતું. આગામી દિવસોમાં તાપમાન 27થી 33 ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે 1 ઓગસ્ટ માટે ભારેથી અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે 2 ઓગસ્ટે પણ ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. વડોદરા શહેરમાં સાંજના 6 વાગ્યા સુધીમાં 6 મી.મી. અને સરેરાશ 410 મી.મી. વરસાદ નોંધાયો છે.

# નીટ બાદ મેડિકલ પ્રવેશ પ્રક્રિયા અટકી, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં મૂંઝવણ


એનટીએ તરફથી વિદ્યાર્થીઓનો ડેટા ન મળતાં રાજ્ય કક્ષાનું કાઉન્સેલિંગ શરૂ થઈ શક્યું નથી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 27

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા નીટનું પરિણામ જાહેર થયાને એક અઠવાડિયું વીતી ગયું હોવા છતાં વિવિધ રાજ્યોમાં મેડિકલ પ્રવેશ પ્રક્રિયા હજુ શરૂ થઈ શકી નથી. એનટીએમાંથી અનેક અધિકારીઓની બદલી તેમજ રાજ્યોને જરૂરી વિદ્યાર્થીઓનો ડેટા સમયસર ન મળતાં સમગ્ર પ્રક્રિયા અટવાઈ ગઈ છે.

સામાન્ય રીતે નીટનું પરિણામ જાહેર થયાના દસ દિવસમાં રાજ્યની પ્રવેશ સમિતિ કાઉન્સેલિંગ શરૂ કરતી હોય છે. જોકે આ વર્ષે સ્થાનિક પ્રવેશ સમિતિને વિદ્યાર્થીઓની માર્કશીટ અને અન્ય જરૂરી આંકડાકીય માહિતી હજુ સુધી પ્રાપ્ત થઈ નથી. પરિણામે કાઉન્સેલિંગનું સમયપત્રક જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો છે. સમિતિના અધિકારીઓનું કહેવું છે કે એનટીએ પાસેથી સંપૂર્ણ ડેટા મળ્યા બાદ જ આગળની કાર્યવાહી શક્ય બનશે. બીજી તરફ એનટીએમાં તાજેતરમાં થયેલા વહીવટી ફેરફારોને કારણે ડેટા ટ્રાન્સફર અને અન્ય પ્રક્રિયાઓ ધીમી પડી હોવાનું જાણવા મળ્યું છે. આ વિલંબને કારણે એમબીબીએસ, બીડીએસ અને અન્ય મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓમાં ચિંતા વધી છે. સૂત્રોના જણાવ્યા મુજબ એનટીએ દ્વારા રાજ્યોને ડેટા મોકલવાની પ્રક્રિયા ચાલુ છે. ડેટા મળ્યા બાદ રાજ્ય કક્ષાની મેરિટ યાદી અને કાઉન્સેલિંગની તારીખ જાહેર કરવામાં આવશે. તજજ્ઞોના મતે આગામી બે-ત્રણ દિવસમાં માહિતી મળી જાય તો ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે.


## રાજપુત બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે મારા **પિતાશ્રી પ્રમોદસિંહજી લાલસિંહજી પરમાર** 25/7/2026ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું એ ખરું. સદગતનું સંયુક્ત બેસણું નીચેના સ્થળે રાખેલ છે.

તારીખ : 29/7/2026ને બુધવારના રોજ 3 થી 6 કલાકે

સ્થળઃ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઓડિટોરિયમ હોલ, ડોકમરડી, સેલવાસ.

શ્રીમાન પ્રશાંતસિંહજી પ્રમોદસિંહજી પરમાર
ગં.સ્વ. કુસુમબા પ્રમોદસિંહજી પરમાર
ગં.સ્વ. રંજનબા ઈશ્વરસિંહજી પરમાર
ગં.સ્વ. પુષ્પાબા હરેન્દ્રસિંહજી પરમાર
દિવ્યાબા સુરેન્દ્રસિંહજી દેસાઈ
શ્રીમાન સુરેન્દ્રસિંહજી ભગવાનસિંહજી દેસાઈ
કિર્તીબા પ્રમોદસિંહજી પરમાર
વૈશાલીબા પ્રમોદસિંહજી પરમાર
શ્રીમાન મેહુલસિંહજી ઈશ્વરસિંહજી પરમાર
શ્રીમાન પ્રિયાંકસિંહજી ઈશ્વરસિંહજી પરમાર
તથા **સમસ્ત પરમાર પરિવાર**
મોરીફળીયા, નરોલી, દાદરા નગર હવેલી
મો. 9904425151, 9909772909

**સસરા પક્ષ**
શ્રીમાન અનુપસિંહજી ઝીણાસિંહજી સોલંકી
સ્વ. ભુપેન્દ્રસિંહજી ધીરજસિંહજી સોલંકી
ગં.સ્વ. ગંગાબા ભુપેન્દ્રસિંહજી સોલંકી
શ્રીમાન જીગ્નેશસિંહજી ભુપેન્દ્રસિંહજી સોલંકી
શ્રીમાન યોગેન્દ્રસિંહજી ભુપેન્દ્રસિંહજી સોલંકી
વાંસદા.